

# મંદિરજી દશાબ્દી મહોત્સવ : શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના મહાયાગ

**૧૫ ઑગસ્ટ ૨૦૨૫, શુક્રવાર**

**ડેન્હમ-યુ.કે.** સ્થિત મંદિરજીમાં બિરાજમાન શ્રી મુકત-અક્ષર-પુરુષોત્તમ મહારાજના ૧૦મા પાટોત્સવ પર્વે ભવ્ય મહાયજ્ઞવિધિ અર્પણ થઈ. આ શુભ અવસરે સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદા અને સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાની દિવ્ય સ્મૃતિ સાથે સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીનાં પ્રત્યક્ષ સાંનિધ્યે સૌએ અદ્‌ભુત લાભ લીધો. પૂ. મનોજદાસજીનાં માર્ગદર્શને સાધુ પૂ. અશોકદાસજી, પૂ. રાજુદાસજી, પૂ. રવિદાસજી તથા ડૉ. ઋજુબહેન અને ડૉ. પૂર્વીબહેને આચાર્યરૂપે ખૂબ ભાવથી સર્વે યજમાનો પાસે શુધ્ધ મંત્રોચ્ચારનાં ઉચ્ચારણ સાથે મહાયજ્ઞવિધિ કરાવી. દેશ-વિદેશથી પધારેલ લગભગ ૪૦ જેટલી યુવતીઓએ ઋષિકન્યારૂપે સેવાનો લાભ પ્રાપ્ત કર્યો. યજ્ઞ આરંભ પૂર્વે સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી તથા વડીલ સંતોએ પૂજન, કંકણબંધન કરી આચાર્યો તથા ઋષિકન્યાઓને યજ્ઞસેવા માટે અધિકાર આપ્યા. સર્વે યજમાનોને વ્યક્તિગત રીતે યજ્ઞવેદીમાં આહુતિઓ અર્પણ કરવાનાં સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયાં. આ મહાયજ્ઞમાં લગભગ ૪૫૦ ભક્તોએ યજમાનરૂપે સંમિલિત થઈ લાભ લીધો. યજ્ઞમાં જ્યારે સંતભગવંત સાહેબજી અને સંતો-ભક્તો દ્વારા પૂર્ણાહુતિનાં શ્રીફળ અર્પણ કરાયાં ત્યારે સમગ્ર વાતાવરણમાં સૌને એક અલૌકિક દિવ્યતાનો અનુભવ થયો.



મહાયાગની સેવામાં આચાર્યશ્રીઓ



મહાયાગની સેવામાં ઋષિકન્યાઓ





શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના મહાયાગમાં બિરાજમાન દેશ-વિદેશના પ્રતિનિધિ અક્ષરમુક્તો



સંતભગવંત સાહેબજીની કૃપાશિષ

મહાયાગમાં પૂર્ણાહુતિનાં શ્રીફળ અર્પણ

મહાયાગ બાદ સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ વરસાવ્યા અને આ પ્રસંગે ઉપસ્થિત શ્રીમાન પ્રદીપભાઈ ધામેચાએ તેઓના પિતાશ્રીના જન્મદિવસે જે સેવાઓ અર્પણ કરી તે માટે આભાર માન્યો. યોગીબાપા કહેતા કે, આત્મા વાસનારહિત થઈ, હઠ-માન-ઈર્ષાના ભાવોથી મુક્ત થાય તે જ સાચી સ્વતંત્રતા છે. યજ્ઞમાં બિરાજમાન સૌને આવી સ્વતંત્રતા પ્રાપ્ત થાય તે માટે પ્રભુચરણે પ્રાર્થનાઓ કરી. ત્યારબાદ ભાવિશાબહેને યજ્ઞવ્યવસ્થાની પૂર્વતૈયારી માટે સાધુ પૂ. રાજુદાસજી સાથે ભારતમાં સેવામાં જોડાયેલા સર્વે ભક્તોનો હૃદયના ભાવથી આભાર માન્યો. આમ, મંદિરજી દશાબ્દી મહોત્સવમાં યોજાયેલ ઐતિહાસિક મહાયજ્ઞમાં સંમિલિત સૌ યજમાનોએ આ દિવ્ય આધ્યાત્મિક અનુષ્ઠાનમાં સહભાગી થવાના ધન્યભાવ સાથે દિવ્ય આનંદ વ્યક્ત કર્યો. ◆

## ભારત સ્વાધીનતા મહાપર્વ

**યુ.કે.** મંદિરજી દશાબ્દી મહોત્સવ પ્રસંગે પધારેલા તથા ઉપસ્થિત સૌ ભારતીયો માટે પોતાના દેશ પ્રત્યે ભક્તિ અદા કરવા માટેનો શુભ અવસર આ મહોત્સવ દરમિયાન પ્રાપ્ત થયો. ૧૫ ઑગસ્ટના રોજ ભારતનો ૭૯મો સ્વાધીનતા મહાપર્વ યુનાઈટેડ કિંગડમની ધરતી પર સંતભગવંત સાહેબજીની દિવ્ય નિશ્રામાં તથા માનવંતા મહેમાનોની ઉપસ્થિતિમાં સૌ સંતો-ભક્તોએ ખૂબ ભક્તિભાવથી ઊજવ્યો. અનુપમ સૂરવૃંદ તથા હંસાબેન ચતવાણીએ દેશભક્તિ ગીતનાં ગાન કરી સૌને રાષ્ટ્રભક્તિમાં લીન કર્યાં. સ્વાગત અને પ્રાસંગિક પ્રવચન સદ્ગુરુ સાધુ પૂ. મનોજદાસજી દ્વારા કરાયું. ત્યારબાદ લોહાણા કૉમ્યુનિટીના પ્રમુખશ્રી ભરતભાઈ સોઢાનાં સ્વાગત અને પરિચય બાદ તેઓએ પોતાના વક્તવ્યમાં ભારતના ૭૯મા સ્વાધીનતા પર્વ અને મંદિરજી દશાબ્દી પર્વમાં હાજર રહી તેની ઊજવણી કરી રહ્યા છે તે માટે ગૌરવ અને કૃતજ્ઞતાના ભાવ ધર્યા.







ભારતના સ્વાધીનતા મહાપર્વે દેશભક્તિ વંદના અર્પણ કરતાં હંસાબહેન ચતવાણી, દીપ્તિબહેન, દ્યુતિબહેન, અમિતભાઈ, દીપભાઈ તથા સાધુ પૂ. હરેશદાસજી




આ પ્રસંગે મુખ્ય મહેમાન સ્વરૂપે પધારેલ ભારતની લોકસભાના સભ્ય અને કેન્દ્રિય સામાજિક ન્યાય અને અધિકારિતા રાજ્યમંત્રી શ્રી રામદાસ આઠવલેજી તેમનાં ધર્મપત્ની શ્રીમતી સીમાબહેન તથા તેમના સહાયક પૃથ્વી રાજસિંઘ ભટ્ટી સાથે પધાર્યા ત્યારે સભામંડપમાં સૌ દ્વારા તેઓનાં સ્વાગત થયાં. મીનલભાઈ (યુ.કે.) અને સાધુ પૂ. હિંમત સ્વામીજી દ્વારા શ્રી ઠાકોરજી, સંતભગવંત સાહેબજી તથા અતિથિવિશેષ શ્રી રામદાસજી અને મંચસ્થ મહાનુભાવો શ્રી ભરતભાઈ સોઢા, શ્રી સી. બી. પટેલ, શ્રી નંદાજીનાં પૂજન અને હાર અર્પણ દ્વારા સ્વાગત થયા.


અનુપમી સ્વજન ડૉ. લલિતભાઈ સોઢા ચૅરિટી અર્થે માનસરોવરની પદયાત્રા યોજે છે, તેઓએ તે યાત્રા દ્વારા ઉપાર્જિત થનાર સેવારાશિ ઑમ ક્રિમેટોરિયમ માટે અર્પણ કરવાના ભાવ ધર્યા અને તે અંતર્ગત પ્રેઝન્ટેશન દ્વારા માહિતી આપી. સતીશભાઈ ચતવાણીએ શ્રી લલિતભાઈ સોઢાના આવા સુંદર વિચાર બદલ અભિનંદન પાઠવ્યાં અને ઑમ ક્રિમેટોરિયમના આ દિવ્ય કાર્યમાં જેમણે પણ સેવાઓ આપી છે અને સાથ-સહકાર આપી રહ્યા છે તેઓ પ્રત્યે હૃદયના ધન્યભાવ રજૂ કર્યા.

શ્રી રામદાસ આઠવલેજીએ તેઓના વકતવ્ય દરમિયાન સૌ પ્રથમ તો સાહેબદાદાને મળવાનો હર્ષ વ્યક્ત કર્યો અને પોતાની આગવી શૈલીમાં કહ્યું કે, 'જો કરતે હૈ આપ સભી કા પૂરા વાદા, ઉનકા નામ હૈ સાહેબદાદા !' તેઓશ્રીએ ભારતનાં વિકાસ ને ગૌરવની પ્રેરક વાતો કરી તથા અનુપમ મિશનની દિવ્યતાની અનુભૂતિ વહેંચી. આ પ્રસંગે શ્રી રામદાસ આઠવલેજી તથા શ્રી પૃથ્વીજીને શાલ, ખેસ, સ્મૃતિભેટ અર્પણ કરી ધન્યભાવ સાથે તેઓનાં અભિવાદન કરાયાં.

ત્યારબાદ સંતભગવંત સાહેબજીએ રૂડા આશીર્વાદ વરસાવતાં જણાવ્યું કે, 'અમારા ગુરુ યોગીજી મહારાજે ધર્મપ્રેમ સાથે દેશપ્રેમ પણ શિખવાડ્યો, તેથી અમારા જીવનમાં દેશભક્તિ અને ગુરુભક્તિનો સમન્વય થયો. ભારતની આર્મી આખા દેશનું રક્ષણ કરે છે તેમ યુવાનોનું, તેમના સંસ્કારનું રક્ષણ થાય તે માટે ભગવાનધારક સંતો કાર્યરત છે. ખરી સ્વતંત્રતા અંતરની સ્વતંત્રતા છે, જે મંદિર અને સંતો સાથે જોડાવાથી મળે છે.' અંતે મંચસ્થ આમંત્રિત મહેમાનો શ્રી ભરતભાઈ સોઢા, શ્રી સી. બી. પટેલ, શ્રી નંદાજી, ડૉ. લલિતભાઈ સોઢાને શાલ, ખેસ, સ્મૃતિભેટ અર્પણ કરી ધન્યભાવ સાથે અભિવાદન કરવામાં આવ્યાં.


શ્રી ભરતભાઈ સોઢા


માનનીય શ્રી રામદાસ આઠવલેજી


ડૉ. લલિતભાઈ સોઢા


સતીશભાઈ ચતવાણી









ડૉ. લલિતભાઈ સોઢાનાં સન્માન



માનનીય મંત્રીશ્રી રામદાસ આઠવલેજીનાં સન્માન



શ્રી સી.બી.પટેલ અને શ્રી નંદાજીનાં સન્માન

ત્યારબાદ ધ્વજવંદન કાર્યક્રમ માટે સૌ મંદિરજીના પ્રાંગણમાં એકત્ર થયાં. પ્રથમ ઈંગ્લૅન્ડનો રાષ્ટ્રધ્વજ-યુનિયન જેક પૂ. ભરતભાઈ સોઢાએ ફરકાવ્યો ત્યારે ઈંગ્લૅન્ડના રાષ્ટ્રગીતનાં ગાન થયાં અને સૌએ સલામી આપી. ત્યારબાદ ભારતના રાષ્ટ્રધ્વજને મુક્ત ગગનમાં ભારત સરકારનાં કેબિનેટ મંત્રી માનનીય શ્રી રામદાસ આઠવલેજી અને સમર્પિત યુવાન ગૌરાંગ પટેલ (અમદાવાદ) દ્વારા ફરકાવવામાં આવ્યો, ત્યારે સૌએ ભારતના રાષ્ટ્રગીતનાં ગાન સાથે ત્રિરંગાને સલામી આપી. ભારત માતાના જયઘોષ સાથે કાર્યક્રમ સંપન્ન થયો. ◆

## ભજનસંધ્યા

**૧૫ ઑગસ્ટની** સાંજે પ્રસ્તુત થયેલી ભજનસંધ્યા અત્યંત વિશિષ્ટ બની રહી, કારણ કે તેમાં અમેરિકાનાં જાન્વી, જયતી, દિયા, વિશ્વા, ચાંદની, હેલી તથા ઑસ્ટ્રેલિયાનાં મિત્તલબહેન, નિમિષાબહેન, દીપ્તિબહેન અને ઈંગ્લૅન્ડનાં મેઘનાબહેન, ભાવનાબહેન, નિમ્મી, યશસ્વી, પારમિતા, શોભનભાઈ, દીપકભાઈ, સહજ, અક્ષર, ઋષિલ અને દીપ તેમજ ભારતનાં દીપ્તિબહેન, ઋજુબહેન, ધુતિબહેન, અમિતભાઈ, સાધુ પૂ. હરમીતદાસજી આદિ સૌ સૂરવૃંદના સેવકોએ એક સાથે મળીને શ્રી ઠાકોરજી મહારાજ અને સંતભગવંત સાહેબજી મહારાજને પ્રસન્ન કરવા માટે સુંદર ભજનોની રમઝટ બોલાવી. લગભગ ૩૫ કરતાંય વધારે અક્ષરમુક્તોએ મંચ પર પ્રસ્તુતિ કરી. આ પ્રસંગે અતિથિ સ્વરૂપે પધારેલ વંદનાબહેન સોમૈયાએ પણ લગભગ ચારેક રચનાનાં ગાન કર્યાં, જેમાં તેઓએ ગણેશસ્તુતિ, શંકર ભગવાનની સ્તુતિ અને ભગવાન શ્રી કૃષ્ણ તથા ભગવાન શ્રી રામના મહિમાનાં ભજનો દ્વારા સૌને ભક્તિમાં રસતરબોળ કર્યાં. તેઓની સાથે ભક્તરાજ હંસાબહેન ચતવાણી પણ જોડાયાં અને તેઓએ એક મધુર કીર્તન ગાયું. વળી, અક્ષરમુક્ત બારીન્દ્રભાઈએ એક જૂનું કીર્તન 'મારી નાડ તમારે હાથ હરિ...' ગાઈ અદ્‌ભુત આનંદ કરાવ્યો. અંતે બધા જ અક્ષરમુક્તોએ સાથે મળીને "શ્રી હરિ અષ્ટોત્તરશત હરિનામ" સ્તોત્રમ ગાઈને સભાની પૂર્ણાહુતિ કરી. સૌને આનંદ દેનારી આ સંકીર્તન સંધ્યા અત્યંત મનનીય બની રહી. ◆

